# ગાંધીનગરમાં વિક્રમી ઠંડી : પારો ૭.૨ ડિગ્રી

**જનજીવન સુન્ન : એક જ રાતમાં લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી ગગડયુ : સિઝનની રેકર્ડબ્રેક ઠંડી : સિનિયર સિટીઝન્સ અને શ્રમિકો પરેશાન : આક્રમક કોલ્ડવેવથી નગરમાં સન્નાટો રાજયમાં નલીયા બાદ ગાંધીનગર ઠંડીની દ્રષ્ટીએ બીજા સ્થાને : મહત્તમ તાપમાનમાં પણ બે ડિગ્રીનો ઘટાડો : નગર ઠંડીની લપેટમાં નગરજનો ગરમ કપડામાં લપેટાયા : ઘરોમાં હીટર ઓન : ખુલ્લામાં રહેતા શ્રમિકો તાપણાના સહારે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં આજે ઠંડીનો પારો ૭.૨ ડિગ્રી પહોંચી જતા નગરનુ જનજીવન સુન્ન પડી ગયુ હતુ. એક જ રાતમાં ઠંડીનો પારો ચાર ડિગ્રી ગગડતા લઘુત્તમ તાપમાન સિંગલ ડિઝીટમાં આવી ગયુ હતુ. ગાંધીનગરમાં આક્રમક કોલ્ડવેવ વચ્ચે સિઝનની રેકર્ડબ્રેક



ઠંડી નોંધાઈ હતી. સમગ્ર રાજયમાં નલિયા બાદ ગાંધીનગર બીજા ક્રમે સૌથી ઠંડુ શહેર બન્યુ હતુ. કડાકાની ઠંડીથી રાત્રિના સમયે શહેરના જનજીવનમાં અનોખો સન્નોટો છવાયેલો જોવા મળ્યો હતો.નગર કાતિલ ઠંડીની લપેટમાં આવતા શહેરીજનો ગરમ કપડામાં લપેટાયા હતા. ઘરોમાં હીટર ઓન થયા હતા બરફીલા પવન સાથે આકરી ઠંડીથી બચવા માટે ખુલ્લામાં જીવતા શ્રમિકોએ તાપણાનો આશ્રય લીધો હતો. મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ આવતા નગરજનોએ દિવસે પણ ઠંડીની અસર અનુભવી હતી.

ગાંધીનગરમાં આક્રમક કોલ્ડ વેવના લીધે જનજીવન થીજી ગયુ હતુ. ઠંડીનો પારો અચાનક જ ચાર ડિગ્રી ગગડીને ૭.૨ સુધી પહોંચી જતા નગરજનો માટે શિયાળો આકરો પુરવાર થયો છે. અત્યાર સુધી સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી ૧૧ ડિગ્રી રહી હતી.જયારે આજે ચાર ડિગ્રીના તફાવત સાથે સિઝનનો સૌથી વધુ ઠંડો દિવસ બની રહ્યો હતો. ઠંડીનો પારો ૭.૨ ડિગ્રી સુધી પહોંચી જતા સાંજ ઢળતા જ વાતાવારણમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આકરા કોલ્ડવેવથી રાત્રિના સમયે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. જયારે ઘરોમાં હીટર ચાલુ થઈ ગયા હતા. સવારના સમયે શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ ઠંડીમાં ઠુંઠવાયા

● અનુસંધાન પાન-૭ પર

## આગામી બે દિવસ સુધી ઠંડીનુ જોર વધશે : હવામાન વિભાગ

ગાંધીનગર સહિત સુરત-બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં આગામી બે દિવસ સુધી ઠંડીનું પ્રમાણ વધશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીનું પ્રમાણ વધ્યુ છે એટલુ જ નહિ ડિસેમ્બર માસમાં તો જિલ્લામાં ઠંડીનું પ્રમાણ સિંગલ ડિઝીટ સુધી પહોંચી જતુ હોય છે. ગાંધીનગરમાં જે ઠંડી નોંધાઈ છે તે રાજ્યમાં બીજા નંબરનું ઠંડુ શહેર બન્યું છે.

ગાંધીનગર શહેરમાં આજે ઠંડીનું પ્રમાણ ૭.૨ ડિગ્રી નોંધાયુ છે. જે આ સિઝનનું સૌથી ઓછુ નોંધાયુ છે. ઠંડીને કારણે શહેરના જનજીવન પર પણ તેની વિપરીત અસરો પડી છે. ઠંડીના વધતા જતા જોરને લઈ શાળાઓ જે સવારની છે તેના સમયમાં ફેરફાર કરવામાં આવે તેવી માંગ પણ વાલીઓમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઠંડીનું જોર વધવાની આગાહીને પગલે તંત્રને પણ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાના આદેશો અપાયા છે.

## નારદીપુરના શિક્ષણતીર્થના વિકાસ માટે ઉજવાશે 'નારદીપુર સ્વપ્નદર્શી પર્વ'

**ભવ્ય શોભાયાત્રા, શૈક્ષણિક પરિસંવાદ, હાસ્ય દરબાર, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન-સાંસ્કૃતિક કાર્યક્રમ**

ગાંધીનગર, તા. ૧૯

આઝાદીની લડતમાં આગવી ઓળખ ઉભી કરનાર અને મહિલા શિક્ષણ થકી પોતાની ઓળખનું સુદઢીકરણ કરનાર કલોલ તાલુકાના નારદીપુર ગામે એક અનોખું પર્વ 'નારદીપુર સ્વપ્રદર્શી પર્વ'ની ઉજવણી થનાર છે.

આ અનોખા પર્વની ઉજવણીના આયોજક તથા ગ્રામસેવા મંદિરના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા તથા મહામંત્રી નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે નવા વિચાર, નવી દિશા અને નવા વ્યવસ્થાપનથી શિક્ષણતીર્થ નારદીપુરની આવતીકાલને વધુ દૈદિત્યમાન બનાવવા માટે આ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં તમામ વતન પ્રમીઓને હ્રદયથી નોંતરા પાઠવવામાં આવ્યા છે.

આ પર્વનો પ્રારંભ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા અને બુનિયાદી શિક્ષણના પ્રહરી રઘુવીર ચૌધરી, અમેરિકા સ્થિત નારદીપુરના ભામાશા વી.પી. પટેલની ઉપસ્થિતિમાં પૂજ્ય ગુરૂમા સામાનાંદસારસ્વતીજીના આર્શીવચનથી ૨૨મી ડિસેમ્બરના રોજ થશે.

આ પૂર્વે ૨૧મી ડિસેમ્બરના રોજ નારદીપુરમાં એક ભવ્યાતિ ભવ્ય સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરતી શોભાયાત્રાનું આયોજન કરાયું છે. જેમાં ગામની વિવિધ ભજનમંડળીઓ, યુવા સંસ્થાઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના કલાવૃંદ, સામાજિક સંસ્થાઓના ટેબ્લો આ શોભાયાત્રાનું આગવું આકર્ષણ બનશે. ૨૩મી ડિસેમ્બરને રવિવારે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન અને સન્માન સમારંભ યોજાશે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના માર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરનુ કામ હાથ ધરાયુ

**માર્ગ સુધારણાના અંતે સ્ટોર્મ વોટર લાઇન નીચે ગરકાવ થઇ ગઇ હતી : ઢાંકણો પણ તુટી ગયા હતા**

ગાંધીનગર તા ૧૯

શહેરના સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણાને યોગ્ય કરવા માટે કામગીરી હાથ ધરવામા આવી છે. નગરમાં માર્ગ સુધારણાના અંતે મોટાભાગની સ્ટ્રોર્મ વોટર લાઈનની ચેમ્બર અંદર ધકેલાઇ ગઇ છે. જયારે ડામર સરફેસીંગના લીધે માર્ગ વચાળે જ ગાબડા સર્જાયા હોય તેવી સ્થિતિ સર્જાઇ છે જયારે સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણો પણ તુટી ગયા છે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને તંત્ર દ્વારા માર્ગ સુધારણા સહીત બ્યુટીફિકેશનના અનેક કામો હાથ ધરાયા છે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશના અનેક મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. શહેરના માર્ગોના ખાડા પુરવા સાથે સુંદરતા નિખારવા માટે પણ અનેક પ્રકારની કામગીરી ચાલી રહી છે. શહેરમાં હાલ મુખ્યમાર્ગો સહીત માત્ર સાત જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન છે. જયારે આ સ્ટ્રોર્મ વોટર લાઈનની કામગીરી પુર્ણ કરવા પણ આયોજન કરી દેવાયુ છે.અલબત્ત કોર્પોરેશન દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે હયાત લાઈન વરસાદી દિવસો પુર્વે પ્રતિવર્ષ સાફ કરવામાં આવે છે. પરંતુ થોડા સમય અગાઉ હાથ ધરાયેલી માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરને નુકશાન પહોંચ્યુ છે. જેના લીધે માર્ગ વચાળે જ ખાડા અસ્તિત્વમાં આવ્યા છે, ઢાંકણો તુટી ગયા છે. આવા સંજોગોમાં માર્ગ સલામતી જોખમાઇ નહીં તેને ધ્યાને લઇ સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરને યોગ્ય કરવા કામગીરી હાથ ધરાઈ છે

## આયોજન મંડળ હસ્તકના વિકાસ કામોમાં ગતિ લાવવા કડક તાકીદ

**૭૦૦થી વધુ ગામો અટવાયેલા પડ્યા છે : નકશા-અંદાજોની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા કડક સૂચના**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આયોજન મંડળ હસ્તકના વિવિધ વિકાસકામોમાં ગતિ લાવવા અને તે માટેની વહીવટીય-તાંત્રિક તેમજ નકશા અંદાજોને લગતી કામગીરી સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ કરી છે.

જિલ્લા આયોજન મંડળના કામોની સમીક્ષા માટે આજે ખાસ બેઠક યોજવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે ૭૦૦થી વધુ કામોમાં નકશા-અંદાજો અને તાંત્રિક મંજૂરીની કામગીરી અટવાયેલી પડી છે.

આજે મળેલ આ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ સપ્ન નારાજગી સાથે આ તાકીદ કરતાં જણાવ્યુ હતુ કે જે કામોના નકશા-અંદાજો બાકી હોય તે આ પખવાડિયામાં તમામ પ્રક્રિયા પૂર્ણ થાય તે જોવામાં આવે.

જિલ્લા વિકાસ અધિકારી કોયાએ જણાવ્યુ હતુ કે વિકાસના કામો સમય-મર્યાદામાં ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે પણ જરૂરી છે. તેમણે જિલ્લામાં વિકાસના કામો જે પ્રગતિમાં છે તેનુ પણ મોનીટરીંગ કરવા માટે આગ્રહ રાખ્યો હતો.

આ બેઠકમાં એ.ટી.વી.ટી.ના કામો જે ગાંધીનગર-કલોલ તાલુકાના બાકી છે તે પણ ઝડપથી મોકલવામાં આવે તેવો કડક આગ્રહ રાખ્યો હતો.

તેમણે ૧૪ થી ૧૫, ૧૫-૧૬, ૧૬-૧૭ અને ૧૭-૧૮ના વર્ષની બચત રકમો જે તાલુકા પાસે પડી છે તે પણ ૩૧મી ડિસેમ્બર સુધીમાં જમા થઈ જાય તેવો અધિકારીઓને આગ્રહ કર્યો હતો.

આગામી વર્ષના આયોજન મંડળમાં સૂચવવાના થતા જે વિકાસના કામો છે તે અંગેની

● અનુસંધાન પાન-૭ પર

## ગિફટસીટીને વૈશ્વિક રોકાણકારોનુ કેન્દ્ર બનાવવા બ્લુમબર્ગ સાથેનુ જોડાણ

ગાંધીનગર તા ૧૯

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી ગીફટ સીટી તથા બ્લુમબર્ગે ભારતના ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સેન્ટરને વૈશ્વિક રોકાણકારો માટે સાનુકુળ બનાવવા માટે એક સમારંભનુ આયોજન કર્યુ હતુ. આ દરમિયાન ગિફટ સીટી તેમજ બ્લુમબર્ગે સંયુકત પ્રયાસ હાથ ધરવાની જાહેરાત કરી હતી. ગિફટ આઈએફ એસ સી ને તેના મુડી બજારના કારોબારમાં સહાય કરવા માટે ચાલુ મહીનેથી બ્લુમબર્ગ તેને મદદ સહીત વૈશ્વિક કુશળતાનો લાભ ઉપલબ્ધ બનાવશે. જેમાં ગિફટ આઈએફએસ સી માટે સાનુકુળ નિયમનકારી માળખાનુ નિર્માણ, પ્રોડકટ ડેવલપમેન્ટમાં મદદ માર્કેટએકસેસ અને

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમાર્ગોની સફાઈમાં વનતંત્ર પણ કામે લાગ્યુ

ગાંધીનગર તા ૧૯

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને સફાઈ અને સુશોભનની બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ દરમિયાન દેશ વિદેશમાંથી



મહાનુભાવો નગરના મહેમાન બનવાના હોવાથી નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તંત્ર તડામાર તૈયારીમાં લાગી ગયુ છે. વાઈબ્રન્ટ સમિટને આડે હવે એક મહીનાનો સમય પણ બાકી રહ્યો નથી. ત્યારે ટુંકા સમય ગાળામાં કામગીરી પુરુ કરવાનુ તંત્ર માટે કસોટીરૂપ બન્યુ છે. આવા સંજોગોમાં વિવિધ તમામ વિભાગોને સંબંધિત કામગીરીમાં લગાવી દેવાયા છે. નગરમાં માર્ગ સુધારણા ઉપરાંત સફાઈ રંગરોગાન તેમજ રોશની અને પ્લાન્ટેશન સહીતના કામો યુધ્ધના ધોરણે ચાલી રહ્યા છે. જેમાં ફુટપાથના કર્બિંગને કલર ઉપરાંત વોક વે ના રીપેરીંગનુ કામ પણ હાથ ધરાયુ છે.

જયારે સુશોભનના કામોની સાથે સફાઈનુ કામ પણ મુખ્ય છે. સફાઈની કામગીરીને પહોંચી વળવા તંત્રએ મશીનરી સાથે મેનપાવર પણ કામે લગાડ્યો છે. નગરના માર્ગોને ડસ્ટ ફ્રી કરવા માટે તેમજ આસપાસના વિસ્તારમાંથી પણ કચરો દુર કરી શહેરનો સ્વચ્છ સુંદર અને રળિયામણુ બનાવવા માટે કામગીરી ચાલી રહી છે. શહેરના મુખ્યમાર્ગોને ચકાચક કરવામાં આવી રહ્યા છે. જો કે સફાઈ અભિયાન અને તોતિંગ ખર્ચના અંતે પણ સેકટરોમાં રહેતા રહીશો ઘર આંગણે દુવિધાઓ ભોગવે તેવી સ્થિતિ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ છે. જયારે આંતરિક વિસ્તારમાં કચરાના ઢગ ખડકાયેલા છે. જેની સફાઈ પણ યોગ્ય રીતે થાય તેવી માંગ ઉઠવા પામી છે. સફાઈની કામગીરીમાં વનતંત્રને પણ જોડવામાં આવ્યુ છે. આજે નગરના મુખ્ય ઘ માર્ગની સફાઈ માટે વનતંત્રએ કામગીરી શરૂ કરી છે. જેમાં ઘ:પ થી ઘ-૦ સુધી સફાઈ કામગીરી કરવા માટે વનતંત્રએ ૫૦ મજુરોની ટીમ તેમજ બે ટ્રેકટર કામે લગાડયા છે. ઘ માર્ગની સફાઈનુ કામ પુર્ણ થયા બાદ ચ માર્ગની સફાઈ માટે ટીમ કામે લાગશે.

### નગરના મુખ્ય ઘ અને ચ માર્ગની સફાઇ માટે ૫૦ મજુરોની ટીમ કામે લાગી

કામગીરી મુખ્ય બની છે. શહેરના મુખ્યમાર્ગોની કાયાપલટ કરવા માટે માર્ગ સુધારણા , રંગરોગાન તેમજ સફાઈ સહીતના કામો હાથ ધરાયા છે. આજે વનતંત્રને પણ માર્ગોની સફાઈના કામમાં જોડવામાં આવ્યુ હતુ. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગની સફાઈ માટે તંત્રએ ૫૦ મજુરોની ટીમ કામે લગાડી છે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને ઠેર ઠેર સફાઈ તેમજ










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com